RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-06
June-2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# મહિલા સશકિતકરણ અને ડૉ.આંબેડકરની વિચારસરણી

ડૉ.રાજુભાઈ એન. પટેલીયા

---

**પ્રસ્તાવના:**

છેલ્લા બસો વર્ષોનો કાલખંડ ભારતવર્ષ માટે જાણે કે પરિવર્તનનો હતો. ૧૯ મી સદી ની ભારતીય નારી સતીપ્રથા,બાળલગ્નો ,બાલ હત્યાઓ અને બહુપત્નીત્વ, વિધવા પુનઃલગ્નની મનાઈ દહેજ પ્રથા ,જ્ઞાતિબંધનો ઉચનીચ, જાતિગત ભેદભાવો,અસ્પૃસ્યતા, નિરક્ષરતા, કન્યા–કેળવણીનો અભાવ જેવી કુરૂઢિઓ અને દૂષણોથી પીડીત હતી સમાજમાં ખાસ કરીને સ્ત્રીઓ અને અર્સ્પસ્યોની સ્થિતિ અત્યંત દયાજનક હતી.

આ વિષમ પરિસ્થિતિમાંથી મહિલાઓને ઉગારવા બ્રહમોસમાજના અગ્રણી રાજારામમોહનરાય, પ્રાથના સમાજના મોવડી મહાદેવ ગોવિંદ રાનડે, આર્ય સમાજના શ્રી દયાનંદ સરસ્વતી જેવા અનેક સમાજસુધારકો અને સંસ્થાઓ દાને જંગમાં હતા અને ડૉ. આંબેડકર પણ આવાજ મહિલાઓની પરિસ્થિતિ સુધારવા માટે કાર્યરત મહાનાયક હતા.

**ડૉ.ભીમરાવ આંબેડકર ની વિચાધાર:**

ડૉ.ભીમરાવ આંબેડકર ને નાનપણમાંજ અસ્પૃશ્યતા અંગેના કડવા અનુભવો વેઠવા પડયા હતા અને એની ઘેરી અસર એમના માનસતંત્ર ઉપર પડી હતી.બાળક સંવેદનશીલ હોય છે એવું કહેવાય છે જેની અસર બાળકના ચિત્તપર નાની વય માં પડે છે.જે સારી પણ હોય અને ખરાબ હોય જે તેના વન પર ભુસાતી નથી. શ્રી આંબેડકર પર પણ આવા જ કઠોર અનુભવો ની છાપ અંકાઈ ગઈ તેમને તેમના વનમાં ડગલે ને પગલે દુવ્યવહારના અનુભવો ને તેના માનસમાં હિન્દું સમાજની વર્ણવ્યવસ્થા પ્રત્યે ધિકારની લાગણી જન્માવી દીધી જેના કારણે તેમનામાં પ્રતિકાર કરવાની અખૂટ શકિત અને ધૈર્યનો વિકાસ થયો જેના પરિણામે આગળ જતાં તેઓએ દલિતો અને તેમના હકકો માટે ખૂબજ લડત આપી છે ભારતીય હિન્દુ સમાજમાં શુરોનું સ્થાન અન્ય સમાજોના બરાબર થાય તે માટે તેમણે અનેક કાર્યો કરેલા જોવા મળે છે.

દલિત વર્ગેને સન્માન મળે તે હેતુસર કાર્યો કરી અને તેમનું વન વધુ યોગ્ય બને તથા તેઓ શિક્ષિત થાય તેવી વિચાર સરણી તેમણે પ્રગટાવવી હતી. તેઓને દલિતોના ભીષપિતા' તરીકેનું બિરુદ આપવામાં આવ્યું છ.તેમણે બંધારણીય હકકો અપાવી દલિતોનું સ્થાન અન્ય સાજોના જેમ મળી રહે તેવી વિચારધારા પ્રગટ કરી હતી અને બંધારણમાં અમલી કરણ પણ કરાવી હતી.

આંબેડકરનું વન આમતો એકાંકી હતું મોટેભાગે તે પોતાના પુસ્તકોમાં જ ડુબેલા રહેતા હતા ઘર બાળકો પત્ની કે કુંટુંબના સંબંધો પ્રત્યે તે ઉચિત ધ્યાન આપી શકતા ન હતા. ઘરની આર્થિક સ્થિતિ પણ સારી ન હતી વકિલાતમાં જે કાંઈ કમાતા તે પુસ્તકો ખરીદવામાં કે દલીતોની ચળવળ ચલાવવામાં ખર્ચી નાખતા હતા.

ડૉ.આંબેડકરે કેવળ અસ્પૃશ્યોના જ નહી પણ સમગ્ર લઘુમતીઓના પ્રશ્નો ઉપર ઉડું ચિતંન કર્યુ હતું વર્ષો ના ચિતંનના પરિપાક રૂપે તે એવા નિર્ણય ઉપર પહોચ્યાં કે દલિતો આદિવાસીઓ ના અધિકૃત માનવીય અધિકારોને સુરક્ષિત રાખવા હોય તો બંધારણ ધ્વારા જ એ કાર્ય સંભવ બનાવી શકાય તવું તેનું માનવું હતું.

**મહિલા સશકિતકરણ અને ડૉ.આંબેડકરની વિચારસરણી:**

૨૦ મી સદીમાં ભીમરાવ આંબેડકરના ઉદય પછી આ સુધારાવાદી વલણ છેક નીચલા વર્ગોમાં અસ્પૃશ્ય નારી સુધી પહોચ્યું હતું. અસ્પૃશ્ય નારી, અસ્પૃશ્ય વર્ગોની વેદનાઓ,વ્યથાઓ ને દુર્દશાઓ તો બેવડાવી હતી.

ભારતીય નારી સમાજનો સ્વતંત્રતા અને સમાનતાનો સંગ્રામ ડૉ. આંબેડકર નેતૃત્વમાં નીચલા વર્ગોની મહિલાઓથી " મહાડ " માંથી શરૂ થયો હતો. ચવદાર તળાવમાંથી પાણી–પ્રાપ્તી નો મહાડ સત્યાગ્રહ(૧૮૨૯) ડૉ.આંબેડકર માટે ધર્મયુધ્ધ હતું આ સંગ્રામમાં ડૉ.આંબેડકરના એલાનથી મહિલાઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી ને વિજય અપાવ્યો હતો.સત્યાગ્રહમાં ભાગ લેનારી મહિલાઓને સંબોધતા ડૉ.આંબેડકરે કહયું હતું " તમી જાતને તમે અસ્પૃશ્ય માનશો નહી સ્પૃશ્ય સ્ત્રીઓ જે રીતે સાડી પહેરે છે તે. રીતે તમે પણ પહેરો . કપડાં ભલેને ફાટેલા હોય પણ સ્વચ્છ રાખો તમારું ઘર પણ સ્વચ્છ રાખો ... તમારી કૂખે જન્મ લેવો એ પાપ અને અન્યોના કૂખે જન્મ લેવો એ ખૂબજ પૂણ્ય એમ શા માટે ? વિચાર તમારે કરવાનો છે. તમે પ્રતિજ્ઞા લો કે એવી કલંકિત સ્થિતિમાં હવે તમે વશો નહી પુત્રી ઓને શિક્ષણ આપો... જ્ઞાન અને વિદ્યા જ સ્ત્રીઓનું કલ્યાણ કરનાર છે આપણી ચળવરનું ધ્યેય અત્યાચારો અન્યાયો જૂની પરંપરાઓ કેટલાંકોના વિશિષ્ટ અધિકારો વિરુધ્ધ લડીને આપણા લોકોને કાયમી ગુલામીમાંથી મુકત કરવાનું છે.આમ ડૉ. આંબેડકર સાહેબની વિચારસરણી અને કાર્ય સ્ત્રીઓ માટે જોવા મળે છે. " જે સંઘર્ષ કે છે, તેને જ સફળતા મળે છે".

RRIJM 2015, All Rights Reserved

**સ્ત્રી સશકિતકરણ માટે ડાૅ. આંબેડકરના કાર્યો :**

તેઓએ મહિલાઓ માટે સને ૧૯૪૨ માં " મહિલા પરિષદ " યો હતી જેનો યોજવામાં આવી હતી તેમાં તેમણે જણાવવું હતું કે બાળા ઓને શિક્ષિત બનાવો તથા તેમના લગ્ન કરવામાં ઉતાવળ ન કરો અને જયારે લગ્ન થાય ત્યારે પતિ સાથે નિષ્ઠાથી રહેવું જોઈએ પતિ સાથે મિત્રભાવ સમોવડિયાનો ભાવ રાખવો નહીં કે તેની દાસી તરીકેનો "

" યત્ર નાર્યસ્તુ પુજયન્તે રમન્તે તત્ર દેવતા" ના આદર્શમાં માનનારી આ દેશની પુરુષ જાતિઓ 'સ્ત્રીની બુધ્ધી તો પગની પાની એ " કહીને સમસ્ત નારી જાતીને તદન હલકી કક્ષાની ગણી છે. ડાૅ.આંબેડકર ના સંશોધનો પ્રમાણે નારીની આ અવદશા માટે 'મનું હષિ " અને તેમનું કહેવાતુ માનવશાસ્ત્ર " મનુસ્મૃતિ " જવાબદાર છે.

ડાૅ.આંબેડકરે સામા ક ન્યાય સાનતા અને સ્વતંત્રતાના પક્ષધર હતા. તેઓ સંવિધાનના ઘડવૈયા તરીકે 'નારી સમાજ' ને અસ્પૃશ્યોની જેમ જ ન્યાય અપાવવાં ભરચક પ્રયાસો કર્યો હતા.

તેઓએ મહિલા કામદારો માટે પણ સતત ઝુબેશ ચલાવી હતી.પ્રસુતા–મહિલા કામદારોને પ્રસુતિકાળ માટે રજાઓ મળે અને સાથે વેતન સહ આર્થિક સહાય પણ મળી શકે તે માટે તેમણે સરકાર તથા ઉધોગપતિઓને ફરજ પાડી હતી અને સાથે સાથે ભારતીય નારીના સવિશેષ અધિકારો માટે લોકસભામાં તેઓ હિન્દું–સંહિતા વિધેયક (હિન્દુ કોડ બીલ ) રજૂ કર્યુ.

ડાૅ.આંબેડકરે જણાવ્યું કે નારી એ દેશની નાગરીક છે ગુલા નથી અને તે મુજબ તેમણે બંધારણમાં સ્ત્રીઓને હક આપ્યા છે.

૧. ધર્મ, જાતી,લિંગ પ્રદેશના ભેદભાવોમાં સમાન તક પ્રાપ્ત છે.
૨. હવે તે સ્વતંત્ર છે વાણીની અભિયકિત માટે સભા–સરઘસ સંગઠન રચવા માટે દેશમાં ગમે ત્યાં ભ્રમણ કરવા કે નિવાસ કરવા માટે સંપત્તિ ની ખરીદવા ,કોઈપણ ધંધો કરવા.
૩. શાસકીય સેવા નોકરીઓાં અને સરકારી પદોમાં તેનો સમાન અધિકાર છે
૪. શિક્ષણ પ્રાપ્તિને ભણવા ભણાવવાનો તેને અબાધિત હકક અધિકાર છે.
૫. તે સ્વંતંત્ર મતાધિકાર ધરાવે છે તે લોક પ્રતિનિધિ તરીકે ચૂટવાને લાયક છે.

આ મહિલાઓ માટે તેણે ખૂબ ઉમદા યોગદાન આપ્યું છે અને નારી સમાજને પુરુષની સરખામણીં બરોબર સામાજિક તથા આર્થિક સ્થાન ળે તે હેતું થી ખૂબ યોગ્ય કાર્ય કરેલું જોવા મળે છે.

ઉપસંહારઃ

અધિકારનું એક લક્ષણ એ પણ છે કે દરેક વ્યકિતને સમાન અધિકાર આપવામાં આવે અને એના સંબંધથી જાતિ ધર્મ,લિંગ તથા વર્ણના આધારે કોઈ ભેદભાવ કરવામાં નહિ આવે આ મહિલાઓને જાગૃત કરવા માટે અને મહિલાઓને તેમના અધિકાર મેળવવા માટે સશકિતકરણ કરવું પડે છે.જેથી તેને સમાન દરજ્જો પ્રાપ્ત થાય છે.જે ડાૅ.ભીમરાવ આંબેડકરની વિજચાસરણી માં જોવા મળે છે જેનું ઉત્તમ ઉદાહરણ ભારતનું બંધારણ છે.

સંદર્ભ સાહિત્ય :

૧. ગોવિદભાઈ ચૌહાણ " ડાૅ.આંબેડકર વિચાર અને વ્યવહાર "
૨. રમેશચંદ્ર પરમાર " ડાૅ.આંબેડકર શતાબ્દી "
૩. ડાૅ નીરા દેસાઈ " ગુજરાતમાં ૧૯મી સદીમાં સામા ક પરિવર્તન "
૪. Justice Chinnappa Reddy “Dr. Ambedkar: A Vision of the Constritution ‘’
૫. Dhannjay keer “Dr Ambedkar :Life and Mission”